# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-05-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : SUNDAY** **National News**

**આકાશવાણી સમાચાર નીકીતા શાહ વાંચે છે.**

**********************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મન કી બાત કાર્યક્રમની 122મી કડીમાં દેશ વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે
2) નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દરેક રાજ્યમાં ઓછામાં ઓછું એક વિશ્વ કક્ષાનું પર્યટન સ્થળ વિકસાવવાનું આહ્વાન કર્યું
3) રશિયા, યુએઈ, બહેરીન અને જાપાનની મુલાકાતે ગયેલા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળોએ આતંકવાદનાં તમામ સ્વરૂપો પ્રત્યે ભારતને શૂન્ય સહિષ્ણુતાનો મજબૂત સંદેશ આપ્યો
4) **કેન્દ્ર સરકારે કર્મચારી ભવિષ્ય નિધિ )EPF) થાપણો પર 8.25 ટકાના વ્યાજ દરને મંજૂરી આપી**
5) **જુનિયર વિશ્વ કપ શૂટિંગ સ્પર્ધામાં, ભારતની સંભવી શ્રવણ ક્ષીરસાગરે મહિલાઓની 10 મીટર એર રાઇફલ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો**

*******************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 122 મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

……………………………………………

# NITI AAYOG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યોને તમામ સુવિધાઓ અને માળખાગત સુવિધાઓ પૂરી પાડીને વૈશ્વિક ધોરણો અનુસાર દરેક રાજ્યમાં ઓછામાં ઓછું એક પર્યટન સ્થળ વિકસાવવા જણાવ્યું છે. ગઈકાલે નવી દિલ્હીમાં નીતિ આયોગની 10મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરતા, પ્રધાનમંત્રીએ એક રાજ્ય: એક વૈશ્વિક સ્થળના વિચાર પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે આ પહેલ માત્ર પર્યટનને વેગ આપશે નહીં પરંતુ પડોશી શહેરોને પર્યટન સ્થળો તરીકે વિકસાવવામાં પણ મદદ કરશે.

નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની બેઠક દરમિયાન, બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ઓપરેશન સિંદૂર પર સશસ્ત્ર દળો પ્રત્યે સર્વસંમતિથી એકતા અને સમર્થન વ્યક્ત કર્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM POLICE BANDOBAST

પ્રધાનમંત્રી આવતીકાલથી બે દિવસના ગુજરાત પ્રવાશે આવશે.

મુલાકાતદરમિયાન પ્રધાનમંત્રી અસારવા સિવિલ હોસ્પિટલ પરિસરમાં 1800 બેડની આધુનિક હોસ્પિટલના નિર્માણનું ખાતમુહૂર્ત કરશે- ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તૈયાર થયેલા કાર્ડિયાક સેન્ટરનું ઈ-લોકાર્પણ કરશે. ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રી નો બે કિલો મીટર સુધીનો રોડ શો યોજશે. ગાંધીનગરપ્રવાસને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. ગાંધીનગર ખાતે 3 હજારપોલીસનો બંદોબસ્ત ગોઠવાશે. પ્રધાનમંત્રીના પ્રવાસ ના રૂટ, રાજભવન, રોડશો રૂટ અને મહાત્મા મંદિર ખાતે બંદોબસ્ત રહેશે. આ બંદોબસ્તમાં 10 એસપીસહિત ના પોલીસ અધિકારી ખડે પગે રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ALL PARTY DELEGATION

આતંકવાદ વિરુદ્ધ ભારતના ઓપરેશન સિંદૂર પર વૈશ્વિક રાજદ્વારી સંપર્ક સાધવા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ વિવિધ દેશોના પ્રવાસે છે.

જનતા દળ યુનાઇટેડના સાંસદ સંજય ઝાના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ ગઈકાલે સાંજે ટોક્યોથી દક્ષિણ કોરિયાના સિઓલ પહોંચ્યું છે . આ મુલાકાત ભારતના સિદ્ધાંત અને કોઈપણ સ્વરૂપમાં આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા રાખવાના સંકલ્પને વધુ મજબૂત બનાવશે. પ્રતિનિધિમંડળ દક્ષિણ કોરિયાના વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, રાષ્ટ્રીય સભાના પ્રતિનિધિઓ, અગ્રણી બુદ્ધિજીવીઓ અને મીડિયા પ્રતિનિધિઓને મળશે.

ડીએમકે સાંસદ કનિમોઝીના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે ગઈકાલે મોસ્કોમાં ભારતીય દૂતાવાસમાં એક સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી. શ્રીમતી કનિમોઝીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પાકિસ્તાનથી ભારતીય ક્ષેત્રમાં આવેલા આતંકવાદીઓએ પહેલગામ આતંકવાદી હુમલો કર્યો હતો. ભારતે હુમલાનો બદલો લીધો અને ખાતરી કરી કે કોઈ નાગરિકને નુકસાન ન થાય. પ્રતિનિધિમંડળે રશિયન પત્રકારો અને મીડિયા સંગઠનો સાથે પણ વાતચીત કરી.

શિવસેના સાંસદ શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં સંયુક્ત આરબ અમીરાતનો પ્રવાસ પૂર્ણ કરીને કોંગો પહોંચ્યું છે. આતંકવાદ સામેની લડાઈમાં ભારતને ટેકો આપવા બદલ પ્રતિનિધિમંડળે સંયુક્ત આરબ અમીરાતનો આભાર માન્યો.

ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ બહેરીન ગયું છે. બહેરીનમાં ભારતીય રાજદૂતે પ્રતિનિધિમંડળનું સ્વાગત કર્યું. આ પ્રતિનિધિમંડળ સરહદ પારના આતંકવાદ સામે ભારતના વલણને સ્પષ્ટ કરશે.

ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં સાતમું પ્રતિનિધિમંડળ આજે બ્રિટન, ફ્રાન્સ, જર્મની, યુરોપિયન યુનિયન, ઇટાલી અને ડેનમાર્ક જશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NDA GOVERNANCE

NDA શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ આજે દિલ્હીમાં સુશાસનના મુદ્દાઓ પર એક દિવસીય વિચાર-મંથન સત્રમાં ભાગ લેશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ બેઠકની અધ્યક્ષતા કરશે અને ભાજપ પ્રમુખ જે પી નડ્ડા, ગૃહ મંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પણ ચર્ચામાં ભાગ લેશે.

આએ અંગે વધુ માહિતી સાંભળીએ અમારા સંવાદદાતા તરફથી ..

**(બાઈટ – સકલેન અખ્તર)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

.....................................................................

## GOV- EPFO RATE

**કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ 2024-25 માટે કર્મચારી ભવિષ્ય નિધિ )EPF) થાપણો પર 8.25 ટકાના વ્યાજ દરને મંજૂરી આપી છેઆ નિર્ણયને કારણે સમગ્ર . ભારતમાં7 કરોડથી વધુ પગારદાર કર્મચારીઓને ફાયદો થશેઆ દરની ભલામણ . ) કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનEPFO) ના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી દ્વારા આ વર્ષની શરૂઆતમાં કરવામાં આવી હતી મંજૂર દર નાણાકીય વર્ષ .2023-24 થી યથાવત છે, જ્યારે 2022-23 માં તે 8.15 ટકા હતો .EPFO એ નોંધપાત્ર કામગીરીમાં પણ પ્રગતિ કરી છે, જેમાં ચાલુ નાણાકીય વર્ષમાં 6 માર્ચ, 2025 સુધી 2.16 કરોડ ઓટોક્લેમ - જે - કોર્ડ હાંસલ કરવામાં આવ્યો છેસેટલમેન્ટનો રે2023-24 માં 89.52 લાખ હતો.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NORTH-EAST-KHELO-MANDAVIYA

યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે, સરકાર દર વર્ષે પૂર્વોત્તરના આઠ રાજ્યોમાંથી કોઈ એકમાં ખેલો ઇન્ડિયા નોર્થઇસ્ટ ગેમ્સનું આયોજન કરશે. નવીદિલ્હીમાં ઇમર્જિંગ નોર્થ ઇસ્ટ ઇન્વેસ્ટર્સ સમિટ 2025ને સંબોધતા તેમણે કહ્યું કે, સરકાર અનેક પહેલ દ્વારા પ્રદેશમાં રમતગમત ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. શ્રી માંડવિયાએ કહ્યું કે સરકાર દેશભરમાં એક વિશાળ પ્રતિભા ઓળખ અભિયાન શરૂ કરશે.

## (બાઈટ – કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHOOTING WORLD CUP

જુનિયર વિશ્વ કપ શૂટિંગ સ્પર્ધામાં, ભારતની સંભવી શ્રવણ ક્ષીરસાગરે મહિલાઓની 10 મીટર એર રાઇફલ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. જર્મનીના સુહલમાં યોજાયેલી આ જ ઇવેન્ટમાં, ભારતની ઓજસ્વી ઠાકુરે રજત ચંદ્રક જીત્યો છે.

આ પહેલા, નારાયણ પ્રણવ વનિતા સુરેશે પુરુષોની 10 મીટર એર રાઇફલ ઇવેન્ટમાં કાંસ્ય અને મુકેશ નેલાવલ્લીએ પુરુષોની 25 મીટર રેપિડ ફાયર પિસ્તોલ ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો હતો.

ભારત બે સુવર્ણ , ત્રણ રજત  અને ત્રણ કાંસ્ય ચંદ્રક સહિત કુલ આઠ ચંદ્રક સાથે મેડલ ટેલીમાં ટોચ પર છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL

IPLમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે મેચ બપોરે 3.30 વાગે શરૂ થશે. અન્ય મુકાબલામાં, સનરાઇઝર્સ હૈદરાબાદ અને કોલકાતા નાઈટ રાઇડર્સ સાંજે 7:30 વાગ્યે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે ટકરાશે.

દરમિયાન ગઈકાલે રાત્રે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સે પંજાબ કિંગ્સને છ વિકેટે હરાવ્યું. પંજાબ કિંગ્સે પ્રથમ બેટિંગ કરીને નિર્ધારિત વીસ ઓવરમાં આઠ વિકેટે 206 રન બનાવ્યા. કેપ્ટન શ્રેયસ ઐયરે અડધી સદી ફટકારી. દિલ્હી કેપિટલ્સ તરફથી મુસ્તફિઝુર રહેમાને ત્રણ વિકેટ લીધી. જ્યારે વિપ્રાજ નિગમ અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી. 208 રનના લક્ષ્યનો પીછો કરતા દિલ્હી કેપિટલ્સે સમીર રિઝવીની શાનદાર અડધી સદીને કારણે છેલ્લી ઓવરમાં જીત મેળવી. રિઝવીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ...**

આજના તમામ અખબારોએ કેરળમાં પ્રવેશેલા ચોમાસાના સમાચારને હેડલાઈન બનાવી છે...

દિવ્ય ભાસ્કરનું મુખ્ય શિર્ષક છે નવતપા પહેલા જ કેરળમાં ચોમાસાનો પ્રવેશ,,, ત્રણ દિવસમાં દેશનો 40ટકા ભાગ આવરી લેશે...

આનંદો... કેરળમાં 8 દિવસ વહેલું ચોમાસું બેઠું આ હેડલાઈન બનાવી છે સંદેશે....

ગુજરાત સમાચાર પહેલા પાનાં પર લખે છે આનંદો.. આવ રે વરસાદ.,, કેરળ, કર્ણાટકથી ચોમાસાનો શુભારંભ...

ફુલછાબે હેડલાઈન બનાવી છે કચ્છમાંથી પકડાયો પાકિસ્તાનનો જાસૂસ...

રાજ્યના સ્થાનિક સમાચારમાં સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં દરિયામાં કરંટ જાફરાબાદ બંદરે એક નંબરનું સિગ્નલ...અસરગ્રસ્ત રત્ન કલાકારોના બાળકોના શિક્ષણની ફી રાજ્ય સરકાર ચૂકવશે- એકમોને વ્યાજ સહાય.... નવગુજરાત સમયે છેલ્લા પાનાં પર લખ્યું છે કે બનાસકાંઠાની સંવેદનશીલ સરહદ પર પાકિસ્તાની ઘૂષણખોર ઠાર મરાયો... આગામી સપ્તાહે 8 હજાર 400 પંચાયતો માટે ચૂંટણી જાહેર... બુધવારે આયોગમાં બેઠક... સંદેશના છેલ્લા પાનાં પર ભરૂચ મનરેગામાં 60 ટકા અને 40 ટકાનો રેશિયો નહીં જળવાતા તપાસનો આદેશ આ સમાચાર વંચાય રહ્યા છે....

જ્યારે રમતગમતના પેજ ઉપર ઇગ્લેંડના પ્રવાસ માટેની ટીમ ઇન્ડિયાની જાહેરાત શભમન ગીલને કમાન સોંપાઇ અને આઇપીએલની મેચમાં આજે ગુજરાત ટાઇટન્સનો ચેન્નઇ સુપર કિંગ્સ સામે મૂકાબલો થવાનો છે તેના સમાચાર પણ વાંચવા મળી રહ્યાં છે.